# પાણી ઈશ્વરના પ્રસાદ સમાન છે : મોદી

**સરકાર કાયમી પરિણામ મેળવવાની દિશામાં જ કામ કરી રહી છે : પાણીની યોજના માટે રાજ્ય સરકાર ૬૦ હજાર કરોડનું બજેટ ફાળવી રહી છે : મોદી**

બોટાદ, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત યાત્રાના બીજા અને અંતિમ દિવસે આજે બોટાદમાં સૌની યોજનાના લીંક-૨ના રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા તબક્કા-૧નું લોકાર્પણ કર્યું હતું. મોદીએ આ પ્રસંગે લોકોને સંબોધતા વિવિધ મુદ્દા પર વાત કરી હતી. મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે વર્તમાન સમયમાં યુવાનો કોઈ પણ કામ કરતા શરમાતા નથી. રિક્ષા ચલાવીને અંગ્રેજીમાં મુસાફરોને માહિતી આપી રહ્યા છે. ભારત સરકાર યુવાનોને ઓનલાઈન કમાવવાની તક આપી રહી છે. આ વેકેશનમાં ભીમ એપ ડાઉનલોડ કરો, તેનાથી વ્યવહાર કરો. આ એપ બીજાને પણ ડાઉનલોડ કરાવો અને વ્યવહાર કરતા શીખવો. તમારા ખાતામાં એક ત્રણ વ્યક્તિ દીઠ એ વ્યવહારના ૧૦ જમા થઈ જશે. આ ચેઈનથી યુવાનો મહિને ૨૫૦૦૦ની કમાણી કરી શકશે. જ્યારે કોઈ વેપારી ભીમ એપથી કોઈ પણ વ્યવહારનું પેમેન્ટ સ્વીકારશે તો ત્રણ ગ્રાહક દીઠ તેના ખાતામાં ૨૫ જમા થશે. મહિને હજારો રૂપિયાની કમાણી ઓનલાઈન થકી કરી શકશે. ૧૯૬૭માં બોટાદમાં જનસંઘનો પાયો નંખાયો હતો. સૌથી પહેલા પાલિકા બોટાદમાં બની હતી. બીજેપીના કાર્યકર્તાઓ માટે બોટાદએ તીર્થક્ષેત્ર છે. ચૂંટણી જીતવા માટે કોઈ કારોબાર નથી કરતા પણ ગુજરાતના ગામડાઓને સમૃધ્ધ કરવા છે. ગામડાઓને પૈસાના ઢગલા નહીં પણ પાણી જ સુખી કરી શકશે. પાણીની યોજના માટે ગુજરાત સરકાર ૧૬ હજાર કરોડનું બજેટ ફાળવી રહી છે. ૪૦૦ કિમી દુર રહેલી મા નર્મદા આજે ગુજરાતના દીકરાઓને દર્શન દેવા ઘર આંગણે આવી છે. ૪૦૦ કિમીથી આવેલી નર્મદાને ૪૦૦મીની ઉંચાઈ સુધી પહોંચાડી છે. પાણી ઈશ્વરનો પ્રસાદ છે જેને કોઈએ બાગડવો જોઈએ નહીં. સરકાર કાયમી પરિણામ પ્રાપ્ત કરવાની દિશામાં કામ કરી રહી છે. મધ્ય પ્રદેશની સરકાર નર્મદાના નીર સુકાય નહીં તે માટે કામ કરી રહી છે. નર્મદાના કિનારે જંગલ બનાવવા માટે ઝાડ ઉગાડવા માટે પ્રેરણ આપી રહી છે. નર્મદા નદી કોઈ પર્વતમાંથી નથી આવતી માટે નર્મદાના કિનારે જંગલને સાચવવાનું કામ મધ્યપ્રદેશ સરકાર કરી રહી છે. ખેડુતોએ ટપક સિંચાઈ પધ્ધતિને પોતાના જીવનનો ધર્મ બનાવવીને ખેતિ કરવી જોઈએ. આજે દેશ માટે જીવન જીવવાનો અવસર છે. ૨૦૨૨માં દેશની આઝાદી ૭૫ વર્ષ પુરા થઈ રહ્યા છે. આજે ખેડુતોએ વૈકલ્પિક વિચારધારા કેળવીને ખેતિ કરવી પડશે. જ્યારે મહિલાઓએ નાના ઉદ્યોગો થકી આગળ આવવું પડશે. મધ ઉત્પાદન માટે મહિલાઓએ પણ મહેનત કરવી પડશે. મારે ખેડુતોની આવક બમણી કરવી છે. તેમાં ખેડુતોનો સાથ સહકાર અનિવાર્ય છે. મુખ્યમંત્રી બન્યા બાદ પ્રધાનમંત્રી બનનાર હું પહેલો વ્યક્તિ છું. રાજય સરકારની સમસ્યાઓ અને પ્રશ્નોથી વાકેફ છું.






## આ પણ વાંચીએ...

**● પ્રિય પીણાં કોકાકોલાની થીમ પર સજાવ્યુ આખું ઘર**




દુનિયામાં ચાહકોની કોઈ કમી નથી. પછી તે ચાહક ભલે કોલ્ડડ્રિંકના જ કેમ ન હોય. આયરીશ મહિલા લીલીયન ગ્લેનમાયર કોકાકોલા ડ્રીંકની એટલી બધી દીવાની છે કે તેણે આખા ઘરને આ થીમ પર સજાવી દીધું છે. આ મહિલાએ ત્રીસ વર્ષ પહેલા કોક પીવાનું શરુ કર્યું હતું.ધીમે ધીમે તે કોકની એટલી હદે ચાહક બની ગઈ હતી કે તેનું આખું ઘર કોકની થીમ પર સજાવી દીધું હતું.

**● અનોખું કાફે જયાં રાત્રે સ્ટ્રીટ ડોગ આવીને સુઈ જાય છે.**

ગ્રીસમાં એક કાફે આખો દિવસ ગ્રાહકોથી ભર્યો રહે છે. પરંતુ



રાત્રે આ કેફે સ્ટ્રીટ ડોગ માટે ખુલ્લુ મુકી દેવાય છે. આ કેફેના માલિકને મનમાં વિચાર આવ્યો કે રાત્રે આ કેફે ખાલી રહે છે તો તેને કુતરાઓ માટે રાત્રે ખુલ્લુ મુકી દેવાય આથી તેઓ ઠંડી રાતોમાં અહીં રાત પસાર કરી શકે. ગ્રાહકોને પણ તેનાથી કોઈ તકલીફ નથી.

## બનાસકાંઠા જિલ્લા ભાજપ મીડિયા સેલના કન્વીનર પદે સંજય જોશીની વરણી

પાલનપુર, તા. ૧૭

ગુજરાત પ્રદેશ ભાજપ અને બનાસકાંઠા જિલ્લા ભાજપ મોવડી મંડળ દ્વારા બનાસકાંઠા જિલ્લા ભાજપ મીડિયા સેલના કન્વીનર પદે



પાલનપુરના યુવા પત્રકાર સંજય.એસ. જોશીની કરેલી વરણીને સાર્વત્રિક આવકાર સાંપડી રહ્યો છે.

અગાઉ પાલનપુર શહેર યુવા ભાજપના પ્રમુખ-મહામંત્રી, પાલનપુર શહેર ભાજપના ઉપપ્રમુખપદની જવાબદારી સફળતાપૂર્વક વહન કરનાર સંજય જોશીએ ભાજપ અને તેની ભગિની સંસ્થાઓમાં પણ વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક વહન કરી છે. સામાજિક-શૈક્ષણિક-સેવાકીય પ્રવુતિઓ સાથે છેલ્લા ૨૫ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રે કાર્યરત ઔદિચ્ય સહસ્ત્ર સત્યાવીશ બ્રહ્મસમાજમાંથી આવતા ઉત્સાહી યુવાન સંજય જોશી ફિલ્ડ રિપોટર્સ પાલનપુરના સ્થાપક પ્રમુખ ઉપરાંત પ્રખર રાષ્ટ્રવાદી શ્રી વંદે માતરમ યુવા સંગઠન બ.કાં. પાલનપુરના પ્રમુખ તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે. અગાઉ ૨૦૦૭માં બનાસકાંઠા જિલ્લા ભાજપના મીડિયા સેલના સહ કન્વીનર પદે રહી ચૂકેલા સંજય જોશીની બનાસકાંઠા જિલ્લા ભાજપ મીડિયા સેલના કન્વીનર પદે થયેલી નિમણૂંકને પત્રકાર આલમ સહિત ભાજપના કાર્યકરો-અગ્રણીઓ, મિત્રો, શુભેચ્છકો અને બ્રહ્મ સમાજે આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધરપકડ બાદ મુકતક કાપડિયા શરતી જામીન પર મુક્ત થયા

અમદાવાદ,તા.૧૭

સીબીએસઈ કોર્સના નામે વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે છેતરપીંડીના કેસમાં શહેરની જાણીતી એચ.બી.કાપડિયા સ્કૂલના ટ્રસ્ટી મુકતક કાપડિયાની આખરે પોલીસે ગઈકાલે રાત્રે ધરપકડ કરી હતી. ત્યારબાદ મુકતક કાપડિયાએ જામીન માટે મેટ્રોપોલીટન કોર્ટમાં અરજન્ટ ધોરણે જામીનઅરજી પણ ફાઈલ કરી દીધી હતી, જેમાં કોર્ટે આરોપીના રૂ.૨૫ હજારના બોન્ડના જામીન મંજૂર કર્યા હતા. બીજીબાજુ, ધરપકડ બાદ પોલીસે આરોપી મુકતક કાપડિયાના ત્રણ દિવસના રિમાન્ડ માંગ્યા હતા પરંતુ કોર્ટે રિમાન્ડ નામંજૂર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે મુકતક કાપડિયા અને પૂનમ સેડાણીની આગોતરા જામીનઅરજી ફગાવી દીધી હતી, જેને પગલે પોલીસ માટે મુકતક કાપડિયા અને પૂનમ સેડાણીની ધરપકડનો માર્ગ મોકળો બન્યો હતો.

## જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડના સહયોગથી નાટક યોજાયું

**નાટકના બંને કલાકારોએ પ્રેક્ષકોના દિલ જીતી લીધા**

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડના સહયોગથી આવો? જરાક



પ્રેમ કરીએ નાટક યોજાયું હતું. જેમાં નાટકના બન્ને કલાકારોએ દિલ જીતી લીધાં હતાં.

પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ- ગોલ્ડના સહયોગ દ્વારા સોહમ પટેલ તથા મહેન્દ્ર પ્રજાપતિ દ્વારા નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે પ્રાંતિજ ખાતે રહેતાં તબલાં વાદક ડબગર નટુભાઈનું પણ જાયન્ટસ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જયારે રમેશ કરોલકર લિખિત દિગ્દર્શિત યાદગાર નાટકમાં માત્ર બે કલાકારો જ હતાં અને બન્ને કલાકારો એ નાટકની શરૂઆતથી નાટકના અંત સુધી દર્શકોને જકડી રાખ્યાં હતાં અને નાટકના બન્ને પાત્રો વિરલ રાવલ તથા દિશા મહેતાએ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતાં.

જયારે કોમેડી હાસ્યની સાથે સામાજીક નાટક હોવાથી પ્રાંતિજવાસીઓએ પોતાનાં પરિવાર સાથે નાટક નિહાળ્યું હતું અને હોલીવુડ ફિલ્મોના યુગમાં અને ક્રેઝમાં પણ નાટક નિહાળતા નાટક પ્રેમીઓમાં ખુશી જોવા મળી હતી. જયારે આ પ્રસંગે સ્વામીનારાયણ મંદિરના મહંત સ્વામી ગોપાલજીવનદાસ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જાયન્ટસ ગોલ્ડના પ્રમુખ પરેશભાઈ સોની જાયન્ટસ મેમરો તથા પ્રાંતિજના આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જગદીશભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સિ.સિ. ફેડરેશનની સામાન્ય સભા યોજાઈ

ધનસુરા, તા. ૧૭

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સિ.સિ. ફેડરેશનની સામાન્ય સભા હિંમતનગર ખાતે ટ્રસ્ટના મકાનમાં જિલ્લા પ્રમુખ વિનુભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે બન્ને જિલ્લા સિ.સિ. ફેડરેશનના પ્રમુખો, મંત્રીઓ અને પ્રતિનિધિઓ વિશાળ સમુદાયમાં ઉપસ્થિત રહ્યા હતા. ફેડરેશનના પ્રમુખ વિનુભાઈ શાહે સર્વેના સ્વાગત સાથે બે વર્ષ દરમ્યાન ટ્રસ્ટની કરેલ પ્રવૃત્તિનો ખ્યાલ આપી અવધી પૂરી થતા સૌનો આભાર માન્યો હતો. મંત્રી કનુભાઈ સોનીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનોમાં ધનસુરા તલોદ, ઈડરના પ્રમુખોએ સિ.સિ. ટ્રસ્ટમાં બે વર્ષ સુધી સેવા આપનાર વિનોદભાઈ શાહને નિવૃત્તિ બદલ શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિમાં ઈડર સિ.સિ. ફેડરેશનના પ્રમુખ એમ.કે. જાડેજાને રાજ્યમાંપ્રમુખ તરીકે ઉમેદવારી કરવા સર્વ સંમતિ આપવામાં આવી હતી.

## CAના વિદ્યાર્થીઓના નવા અભ્યાસક્રમ ICAI જોગ

ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં અભ્યાસ કરી રહેલા અને તાલિમ લેતા વિદ્યાર્થીઓ માટે ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઈન્ડિયા (ICAI) હંમેશા સક્રીય રહે છે. જેથી સક્ષમ પ્રોફેશનલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તૈયાર થઈ શકે. ICAIના વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલના (WIRC) ચેરમેન સીએ વિષ્ણુ અગ્રવાલે જણાવ્યું હતું કે 'ICAI હંમેશા આધુનિક ગતિશીલ સમાજની જરૂરિયાતો અંગે જાગૃત રહે છે. જેથી સીએનો અભ્યાસક્રમ નિયમિત ધોરણે અપડેટ કરવામાં અને સુધારવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ એકાઉન્ટિંગ, ઓડિટિંગ, ફાઈનાન્સ અને આઈટી ક્ષેત્રની અદ્યતન માહિતીઓથી સજ્જ રહે અને સમયથી આગળ રહે. મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું હતુ કે 'તેમની ઈન્સ્ટિટ્યુટ હાલમાં વિદ્યાર્થીઓના નવા કોર્સના અભ્યાસક્રમમાં સુધારાની અંતિમ પ્રક્રિયામાં છે.' સીએ વિષ્ણુ અગ્રવાલે આ પ્રસંગે જીએસટી ટેક્સ પ્રણાલી અને સરકાર દ્વારા લાવવામાં આવતા અન્ય સુધારાઓના નવા માહોલ અંગે ICAIના વિઝન અંગે પણ માહિતી આપી હતી.

ICAIની WIRCની અમદાવાદ શાખાના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતું કે, 'અમદાવાદ શાખાએ તેમના સભ્યો અને વિદ્યાર્થીઓને બહેતર કેળવણી આપવા માટે કેટલાક પગલા લીધા છે. આજે અમે WIRCના અધિકારીઓ દ્વારા અપાયેલી સુવિધાના ભાગરૂપે સભ્યો અને વિદ્યાર્થીઓ સાથે મુલાકાતનું આયોજન કર્યુ છે, જેથી WIRCના ચેરમેન અને તેમની ટીમ સાથે વિચારવિમર્શ કરી શકે અને અમે મેગા સેમીનારનું પણ સફળતાપૂર્વક આયોજન કર્યુ છે.

## બી નેચરલ લોન્ચ કરે છે ૧૦૦ ટકા પોમગ્રેનેટ જ્યુસ નોટ ફ્રોમ કોન્સન્ટ્રેટ ટ્વિસ્ટ સાથે

આઈટીસીસ ફૂડ ડિવીઝન દ્વારા ફ્રૂટ બેવરેજીસની તેની બી ન્યુટ્રલ રેન્જમાંથી વધુ એક અજોડ ઓફર બી નેટરલ ૧૦૦ ટકા પ્રોમગ્રેનેટ જ્યુસ લોન્ચ કર્યાની જાહેરાત કરવામાં આવી છે. બજારમાં મળતા અન્ય મોટા ભાગના પેકેજ્ડ ફ્રૂટ જ્યુસીસ ફ્રૂટ કોન્સલ્ટ્રેટસમાંથી બને છે તેથી વિપરીત બી નેચરલ ૧૦૦ ટકા પ્રોમગ્રેનેટ જ્યુસ સીધા જ પલ્પ ઓફ ૨૫ હેન્ડ-પિક્ડપોમગ્રેનેટ ફ્રૂટ્સ (દરેક પેકમાં)માંથી બને છે અને તેમાં પણ નો એડેડ શુગર, કલર, પ્રીઝર્વેટિવ્ઝ કે ફ્લેવર. આઈટીસીએ આ સાથે હેલ્થ અને ફિટનેસની દિવા સીલ્પા શેટ્ઠી કુન્દ્રાને બી નેચરલ જ્યુસ અને બેવરજેસ માટે નવી બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રજૂ કરી છે.

આઈટીસી બી નેચરલ બ્રાન્ડ હસ્તગત કરવા સાથે ૨૦૧૫માં રૂ. ૨૫૦૦ કરોડની જ્યુસીસ અને નેકટર્સ (પ્રીમિયમ પેકેજ્ડ ફ્રૂટ ડ્રિંક્સ)માં પ્રવેશ કર્યો હતો. ૨ વર્ષમાં બી નેચરલ એ ૬.૯ ટકા બજાર હિસ્સા સાથે આ બજારમાં સ્પષ્ટ નં. ૩ ખેલાડી તરીકે પોતાને સ્થાપિત કર્યું છે. જામુન જોય, કોઈ એડેડ શુગર વિના, બી નેચરલ્સની બજારમાં પ્રથમ અનોખો પ્રકાર હતો, જે પછી પંજાબ અને એનસીઆરમાં ગયા ઉનાળામાં બી નેચરલ પંજાબ-ડા-કીનોવના ઉચ્ચ કક્ષાનું લોન્ચ કરાયું હતું.

## આઈટીસીસ ફૂડ્સ ડિવિઝને દરેક સ્ટ્રેન્ડમાં શાકભાજીનો સમાવેશ કરીને સનરીસ્ટ યીપ્પી પાવર અપ આટા નુડલ્સ લોન્ચ કર્યુ

આઈટીસીસ ફૂડ્સ ડિવિઝને પાવર અપ મસાલા, ધ આટા નૂડલ્સ વાઈરન્સ ઓફ સનફાસ્ટ યીપ્પી લોન્ચ કર્યાની જાહેરાત કરી છે. તેના એક ઘટક તરીકે આસીર્વાદ આટા સાથે બનાવવામાં આવેલા યીપ્પી પાવર અપ નૂડલ્સ દરેક નૂડલના સ્ટ્રેન્ડમાં સમાવવામાં આવેલી શાકભાજીની સારપથી પરિપૂર્ણ છે. યીપ્પીસ જોડ રાઉન્ડ બ્લોક અને સ્વાદ, લાંબા અને સ્લર્પી નૂડલ સ્ટ્રેન્ડસની ખૂબીઓને જાળવી રાખે છે. પાવર અપનું લક્ષ્ય આજના ગ્રાહકોને તાજી અને સ્વાદિષ્ટ પસંદગી આપવાનું છે. આ પ્રોડક્ટ રૂ. ૧૫ થી ૭૦ ગ્રામના સુવિધાજનક પેક આકારમાં ભારતભરના મોડર્ન અને જનરલ ટ્રેડ આઉટલેટ્સમાં મળશે.

## મેલેરીયા સર્વેલન્સ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રાજ્યમાં હાલ એક તરફી હીટવેવ ચાલી રહ્યો છે ત્યાં તંત્ર દ્વારા તાવના દર્દીઓ શોધવા ઉપરાંત મેલેરિયાને લઈ સઘન સર્વેલન્સની અપાયેલી સૂચનાએ સૌને ચોંકીવી દીધા છે.

એક સપ્તાહ સુધી ચાલનારા આ સર્વેલન્સનો એક વિસ્તૃત રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવનાર છે. શંકાસ્પદ કેસોમાં લોહીના નમૂના પણ લેવામાં આવશે. આ ઉપરાંત આ સર્વેલન્સ દરમ્યાન આકસ્મિક તપાસ પણ સરકારના અધિકારીઓ દ્વારા ક્રોસ વેરીફીકેશનના ભાગરૂપે થશે તેમ જાણવા મળેલ છે.

## ફૂડ શાખા

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રસ, બગડી ગયેલા લીંબુ સહિતની ૧૩ કિલો ૫૦૦ ગ્રામ જેટલી અખાદ્ય ચીજોનો નાશ કર્યો છે.

આ ટીમોએ રોનક જ્યુસ સેન્ટર સે. ૧૬, સાંઈ લીંબુ સીકનજી સે. ૧૫, ખુશ્બુ ડીસ ગોળા, ન્યુદૂર્ગા ડીસગોળા, શીવશક્તિ લેમન શરબત તેમજ યાદવ શેરડી સે. ૨૬માંથી વિવિધ ચીજોના નમૂના લઈ લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી આપેલ છે.

જેના પરીક્ષણનો અહેવાલ આવી ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં હીટવેવને પગલે હરકતમાં આવેલા તંત્રએ સપાટો બોલાવતાં અખાદ્ય ચીજોનો વેપાર કરનારાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## વૃક્ષોની કટોતી

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પડતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. નગરના મુખ્યમાર્ગો પર લાખોના ખર્ચે લગાવાયેલા સાઈન બોર્ડ પણ ટ્રીમીંગની કામગીરીના અભાવે બિનઉપયોગી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનુ પણ યોગ્ય ટ્રીમીંગ થાય તે માટે સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર રજુઆત કરવામાં આવે છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાની સાથે હાલ ભયજનક વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. નગરમાં અગાઉ પણ સુકા વૃક્ષો કાપવા માટે વનતંત્ર દ્વારા કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે વનતંત્ર દ્વારા આગામી ચોમાસા પુર્વે શહેરમાંથી જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે હાલ શહેરમાં સુકા વૃક્ષો દુર કરવા માટેનુ કામ ચાલી રહયુ છે. આગામી ચોમાસા પહેલા શહેરમાં એકપણ સુકા વૃક્ષો નહી રહે તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે.

## કલ્યાણ માટે પ્રતિબદ્ધ... 

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ ઉમેર્યું હતું કે તબીબો હવે જેનેરિક દવાઓ પણ લખશે. જેથી ગરીબોને લાભ મળી શકે. ઈન્દ્રધનુષ યોજનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે આ યોજના હેઠળ જે મહિલાઓને રસી અપાઈ નથી તેમને રસી અપાશે. મોદીએ સુરતના લોકો સાથે તેમના સંબંધોની વાત કરી હતી અને કહ્યું હતું કે હોદ્દાથી કોઈ વ્યક્તિ મોટી બનતી નથી, પ્રેમથી બને છે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે તેઓ દુવિધામાં હતા કે ગુજરાતીમાં બોલે કે હિન્દીમાં. લોકોના કામની માહિતી દેશના લોકોને મળે તે જરૂરી છે જેથી હિન્દીમાં નિવેદન કરી રહ્યા છે. મોદીએ મંચથી ખેડુ સમુદાયની પ્રશંસા કરી હતી. મોદીએ હોસ્પિટલમાં ૧૦ મિનિટ કરતા વધુ સમય ગાળ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરત ખાતે કિરણ હોસ્પિટલનું લોકાર્પણ કરતા કહ્યું કે, સ્વચ્છતા એ દેશનો સ્વભાવ બનશે. તો જ જનજનનું આયુષ્ય વધુ સુરક્ષિત રહેશે. આ દેશનું મૂળ ચરિત્ર જ સમાજ જીવન માટે કંઈ કરી છુટવાની ભાવના પર આધારિત છે. જે ગુજરાતે સુપરે કરી બતાવ્યું છે. આઝાદીબાદ અગાઉ જે જન આંદોલનની જ્યોત દ્વારા વિકાસની કેડી કંડારાઈ, જે આઝાદી પછી મંદ પડી ગઈ હતી અને હવે એ માહોલ ફરી ઉભો થાય છે. આજે સુરતે જે ફલીત કરી બતાવ્યું સાથે સુરત એ સ્વચ્છતાનો સ્વભાવ સ્વીકાર્યો એજ સ્વભાવની પ્રેરણા દેશ પણ લેશે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાતાઓ માટે ભલે આ દાન માટે અભિનંદની વર્ષા થતી હોઈ, પણ મારા માટે ૫૦૦ કે ૫૦૦૦ કરોડનું દાન કંઈ નથી, ઝાંટકો લાગ્યો હશે પણ મિત્રો આ ગુજરાતના ગામડાના દાતાઓ માટી ખેતરમાં મોટા થયા છે. આમલી પીપલીની રમત સાથે ઝાડ પર ચડતા ઉતરતા સાયકલના ટાયરની દોડ સાથે મજા લેવાનું બાળપણમાં શીખી જીંદગી જીવી ગયેલા, એવા આ પરિવાર કે જેઓના મા બાપ દિકરો ભણશે નહિ તો કંઈ નહિ પણ ભગવાન સારો વરસાદ થાય આખું વર્ષ નીકળી જાય, એકપણ પશુ ભુખ્યુ ન રહે, ચોર,મોર ભલે ખાય અતિથી પણ ભલે લઈ જાય અને પછી જે બચે તે તેમાં આખું વર્ષ નીકળી જાય તેવી ભાવનાવાળા પરિવાર સંસ્કારની મોટા થયેલા આ દાતાઓ માટે ૫૦૦ કરોડ એ કંઈ મોટી વાત નથી. તેમણે આ તકે ખાસ કહ્યું હતું કે, હું પણ આ પરિવારમાં મોટો થયો છું સુરતમાં એ જ પ્યાર પોતીકાપણુ પ્રધાનમંત્રીવાળા પરિવાર ભાવનાનો અનુભવ થાય છે આજે સવારે પણ અહીના પરિવાર દ્વારા તેમના માટે ખાસ ભાખરી લાવવા માટેની વાત જણાવી કહ્યું હતું કે, આ પરિવારની ભાવના મારા માટે જીવનનું અમુલ્ય સૌભાગ્ય છે. દરેક પરિવાર મારા માટેની ચિંતા કરે છે એ મારા માટે આના સિવાય જીવનમાં કોઈ મોટું સૌભાગ્ય નથી. જીવનમાં માણસ મોટો નહિ તેનો પ્રેમ મહત્વનો છે. જે આપે આપ્યો છે તે માટે હું આભારી છું.

વડાપ્રધાનએ જણાવ્યું હતું જયારે આ હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો ત્યારે ઉદઘાટન હું કરીશ તેવો શબ્દો મે ઉચ્ચારેલા તેમાં કોઈ અહંકાર નહિ પણ એક કામગીરી પૂર્ણ કરવાનું કમિટમેન્ટ હતું તે વેળાએ દાતાઓને પણ અધિકાર ભાવના સાથે હોસ્પિટલના નિર્માણમાં વધુ યોગદાન આપવાની વાતને મળેલા સમર્થન બદલ દિલી પૂર્વકના અભિનંદન આપતા કહ્યું હતું. આ હોસ્પિટલ દાતાના દાનથી નહિ પણ પરિવાર ભાવના સાથે પરિશ્રમથી તૈયાર થઈ છે. આ વેળાએ તેમણે એમ પણ કહ્યું હતું કે હોસ્પિટલ માટે શુભેચ્છા ન શોભે પણ હું કહીશ કે કોઈપણ વ્યક્તિને હોસ્પિટલમાં ન આવું પડે, અને જો એકવાર આવે તો મજબુત થઈને દોડતો જાય તેવી શુભ કામના આપું છું. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં ડોકટરો, હોસ્પિટલો અને દવાઓ મોંઘી થઈ છે. ગરીબ મધ્યમ વર્ગના માનવી બિમાર પડે તો આખું કુટુંબ ભીસમાં મુકાય છે. ત્યારે ભારત સરકારે હેલ્થપોલિસી ઘોષિત કરી જેમાં એક સિમિત ખર્ચે આરોગ્ય સેવા ત્વરિત ઉપલબ્ધ થાય તે માટેની યોજના ઉપલબ્ધ કરી છે.

## નર્મદાના નીર... 

● અનુસંધાન પહેલાનું ચાલુ

નર્મદાના પાણીથી ભરાતું હોય ત્યારે ગ્રામજનોને આનંદ સ્વાભાવિક છે. એટલે જ તો ગઈકાલે રાત્રે ભીમડાદ ગામમાં રાસ ગરબા ગવાયા હતા. ગ્રામજનોએ એવી પણ લાગણી વ્યક્ત કરી હતી કે, તત્કાલીન મુખ્યપ્રધાન અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે વચન આપે છે તેનું પાલન પણ કરી બતાવે છે.

સૌરાષ્ટ્રના ખાલી જળાશયો નર્મદાના પાણીથી ભરવાના સૌની યોજનાના આયોજન અંગે જ્યારે આ યોજના જાહેર થઈ ત્યારે ઘણાને વિશ્વાસ નહોતો બેસતો પરંતુ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાજકોટ, જામનગર, મોરબી જિલ્લાના નવથી વધુ જળાશયો ઉપરાંત હવે ગઢડા તાલુકાનું ભીમડાદ જળાશય ભરાતા સૌની યોજના સૌની બનીને સાચા અર્થમાં સફળ બની છે, તેવો જનતાને વિશ્વાસ બેઠો છે. હાલમાં કૃષ્ણસાગર અને ભીમડાદ જળાશયમાં સિંચાઈ વિભાગ દ્વારા ૧૭૫ ક્યુસેકથી વધુ પાણીનો પ્રવાહ નર્મદા શાખા નહેર અને ભીમડાદ જળાશયમાં સિંચાઈ વિભાગ દ્વારા ૧૭૫ ક્યુસેકથી વધુ પાણીનો પ્રવાહ નર્મદા શાખા નહેર અને ભુગર્ભ પાઈપલાઈન દ્વારા વહી રહ્યો છે. જેનાથી કૃષ્ણસાગર તળાવ અને ભીમડાદ જળાશય ભરાઈ રહ્યા છે.

## રાજકીય કટોકટી... 

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પૂર્વ મુખ્યમંત્રી તેમના વતન શહેરમાં પહોંચ્યા હતા. પીઢ નેતા મધુસુદન, પૂર્વ પ્રધાન કે.પાંડુરાજન અને અન્ય કેટલાક નેતાઓ રવિવારના દિવસે યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ટીટીવી દિનાકરણ કેમ્પમાં અડધો બળવો થાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આની સાથે જ તમિલનાડુમાં પલામીસ્વામી સરકારની સ્થિરતા સામે ખતરો ઉભો થઈ ગયો છે. વીકે શશીકલા પરિવારમાં ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે. પન્નીરસેલ્વમે હરીફ જુથનું નેતૃત્વ કરીને રવિવારે તેમના આવાસ ઉપર મહત્વની બેઠક બોલાવી હતી. તમિલનાડુમાં રાજકીય કટોકટી વધવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે બુધવાર સુધીમાં મોટી જાહેરાત થઈ શકે છે. કેટલાક વરિષ્ઠ પ્રધાનો અને અન્ય નેતાઓ જે શશીકલા ગ્રુપમાં છે તે લોકો પન્નીરસેલ્વમ ગ્રુપમાં સામેલ થઈ શકે છે. નામ જાહેર નહીં કરવાની શરતે સૂત્રોએ કહ્યું છે કે પન્નીરસેલ્વમ જૂથને વિશ્વાસ છે કે શશીકલાના પરિવારના સભ્યોને પાર્ટીમાં રાખવામાં આવશે નહીં. ભાવિ પગલાં યોજના પર ગઈકાલે ચર્ચા થઈ હતી.